©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 07th MAY, 2026/VAISHAKHA 17, 1948 [No. 3359

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

અધિસુચન

પત્ર નંબર : ૦૭૦૪૯/૨૦૨૬.–અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) અધિનિયમ-૨૦૧૪ (ગુ.જ. ૧૧ ઓફ ૨૦૧૪) ની કલમ-૭૬A મુજબ હાઇ સ્પીડ રેલના સાબરમતી સ્ટેશન તથા તેની આસપાસના વિસ્તારમાં સ્ટેશન એરીયા ડેવલપમેન્ટ અંતર્ગત સ્થાનિક વિસ્તાર યોજના તૈયાર કરવાના ઈરાદાની પ્રસિધ્ધી આપવા બાબત.

હાઈસ્પીડ રેલના સ્ટેશન, સાબરમતી સ્ટેશન તથા તેની આસપાસનો વિસ્તાર સ્ટેશન એરીયા ડેવલપમેન્ટ તરીકે ડેવલપેબલ થઈ શકે તે માટે સદરહુ વિસ્તારમાં સ્ટેશન એરીયા ડેવલપમેન્ટ અંતર્ગત સ્થાનિક વિસ્તાર યોજના તૈયાર કરવાની થાય છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) અધિનિયમ-૨૦૧૪ (ગુ.જ. ૧૧ ઓફ ૨૦૧૪) (તા. ૨૧-૦૧-૨૦૧૫ના નોટીફીકેશન નં. GH/V/48 of 2015/PRCH-102014-4028-L) ની કલમ-76(A) મુજબ નીચે જણાવ્યા મુજબના સદર સાબરમતી હાઈ સ્પીડ રેલ સ્ટેશનની પૂર્વ દિશાએ દર્શાવેલ ચર્તુ:સીમામાં તથા પશ્ચિમ દિશાએ દર્શાવેલ ચર્તુ:સીમામાં સમાવેશ થતી ટી.પી. સ્કીમ તથા સદર ટી.પી. સ્કીમના ફાઈનલ પ્લોટ નંબરોને આવરી લેતાં વિસ્તાર માટેની મુસદ્દારૂપ સ્થાનિક વિસ્તાર યોજના તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ છે.

તેથી સદરહું અધિનિયમની કલમ- ૭૬ A (૨) ની જોગવાઈ અનુસાર સદર યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં કામકાજના દિવસો દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લો રાખેલ છે. મુસદ્દારૂપ સ્થાનિક વિસ્તાર યોજનાના વિસ્તારની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

Station Area Plan for Sabarmati (East) :

ઉત્તર : ન.ર.યો.નં. ૨૩(સાબરમતી)ના અં. ખંડ નં. ૫૮,૫૯,૬૦,૬૧ વિગેરે સહિતના ઉત્તર દિશા તરફનો પાર્ટ ભાગ

દક્ષિણ : ચીમનભાઈ પટેલ બ્રીજ તથા ત્યાર બાદ ન.ર.યો.નં.- ૨૩ (સાબરમતી) ના અં. ખંડ નં. ૮૦૪,૮૦૬,૮૦૯,૮૬૬, ૮૬૭,૮૬૮,૮૬૯,૮૭૦ વિગેરે સહિતના પાર્ટ ભાગ, ત્યારબાદ ટોરેન્ટ પાવર હાઉસ

પૂર્વ : બી.આર.ટી.એસ. તથા મેટ્રો બાદ ન.ર.યો.નં.- ૨૩ (સાબરમતી) ના અં. ખંડ નં. ૪૪૪,૪૪૮,૪૭૦,૪૭૧,૫૭૨,૫૮૩, ૫૮૪,૬૧૬,૬૧૭ વિગેરે સહિતના પાર્ટ ભાગ

પશ્ચિમ : સાબરમતી હાઈ સ્પીડ રેલ સ્ટેશન, સાબરમતી રેલવે સ્ટેશન તથા રેલવે ટ્રેક સહિતની જમીનો.

Station Area Plan for Sabarmati (West)

ઉત્તર : રેલવે ટ્રેક સહિતની જમીનો

દક્ષિણ : બી.આર.ટી.એસ. - મેટ્રો રુટ, ૧૩૨ ફૂટ રોડ તથા આર.ટી.ઓ. સર્કલ તથા ન.ર.યો.નં.- ૨૮ (નવાવાડજ)નો પાર્ટ ભાગ

પૂર્વ : સાબરમતી હાઈ સ્પીડ રેલ સ્ટેશન, સાબરમતી રેલવે સ્ટેશન તથા રેલવે ટ્રેક સહિતની જમીનો.

પશ્ચિમ : ન.ર.યો. નં.-૧ (રાણીપ), ન.ર.યો. નં.-૨ (રાણીપ) તથા ન.ર.યો. નં.-૩ (રાણીપ) અં. ખંડ નં. ૧ થી ૧૨ તથા ૩૯ થી ૪૩ વિગેરે સહિતના પશ્ચિમ દિશા તરફનો પાર્ટ ભાગ

ઉપરોક્ત ચતુ:સીમામાં સમાવિષ્ટ થતા, નક્શા મુજબના અંતિમખંડ નંબરવાળા વિસ્તારનો સમાવેશ Local Area Plan for Sabarmati Station Area માં થાય છે.

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ

સરનામુ :

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ,
સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા,
આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.09 08:47:28 IST